# ગુજરાત માહિતી આયોગ

બ્લોક નં.-૧, બીજા માળે, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ટેલીફોન નંબર- +૯૧ ૭૯ ૨૩૨ ૫૭૩૧૪, ૫૨૮૨૭, ૫૮૦૭૦
**ઇ-મેઇલ:** gscic@gujarat.gov.in **વેબસાઇટ:** www.gic.gujarat.gov.in


35

<u>તાત્કાલીક</u>

જીઆઇસી/અપીલ-૧૬૫૨-૨૦૨૪/કોર્ટ કેસ યુનિટ
તા.૩૦-૦૪-૨૦૨૫

પ્રતિ,
અગ્ર સચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
બ્લોક નં.૧૪/૯, નવા સચિવાલય,
સેકટર-૧૦ એ, ગાંધીનગર-૩૮૨૦૧૦.

વિષય :(૧) શ્રી મહેન્દ્રસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટ (૨) શ્રી જસવંતસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટ રહે, મુ. વેસુ, તા.જી. સુરત દ્વારા માહિતી અધિકાર અધિનિયમ્ એક્ટ -૨૦૦૫ હેઠળ કરવામાં આવતી અરજીઓ બાબત. ગુજરાત માહિતી આયોગનો તા.૨૧/૦૪/૨૦૨૫ નો સંયુક્ત હુકમ ક્રમાંક: અ-૧૬૫૨-૨૦૨૪ અન્ય ૧૩.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અંગેનો ગુજરાત માહિતી આયોગનો તા.૨૧/૦૪/૨૦૨૫ નો હુકમ ક્રમાંક : અ-૧૬૫૨-૨૦૨૪ અન્ય ૧૩ સંયુક્ત હુકમની નકલ આ સાથે સામેલ છે. આ હુકમ અન્વયે આપના હસ્તકના તમામ જાહેર સત્તામંડળો ને જરૂરી સૂચના આપવા વિનંતી છે

બિડાણ : ઉપર મુજબ

આપનો વિશ્વાસુ,

(જયદીપ દ્વિવેદી)
સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર.

શ્રી
2/5/25

ગુજરાત માહિતી આયોગ,
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ,
સેકટર-૧૦-એ, ગાંધીનગર

માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૯ હેઠળ અપીલ બાબત.
<u>અપીલ નં- અ-૧૬૫૨-૨૦૨૪,અ-૨૭૦૩-૨૦૨૪,અ-૩૦૩૯-૨૦૨૪,અ-૩૧૧૯-૨૦૨૪, અ-૩૧૭૩-૨૦૨૪,અ-૩૬૧૩-૨૦૨૪,અ-૩૬૧૪-૨૦૨૪,અ-૩૯૯૫-૨૦૨૪, અ-૩૯૯૬-૨૦૨૪, અ-૩૭૨૮-૨૦૨૪,અ-૩૭૨૯-૨૦૨૪,અ-૩૭૩૦-૨૦૨૪, અ-૩૭૩૧-૨૦૨૪ અને અ-૩૭૩૨-૨૦૨૪</u>

વિવાદી : (૧) શ્રી મહેન્દ્રસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટ
(૨)શ્રી જસવંતસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટ
યુ જી-૧૪૪ ફોર પોઇન્ટ,
સી.બી.પટેલ હેલ્થ કલબની સામે,
વી.આઇ.પી.રોડ, વેસુ
તા. સુરત
જી. સુરત - ૩૯૫૦૦૭
વિરુધ્ધ

પ્રતિવિવાદી : (૧) <u>જાહેર માહિતી અધિકારી</u>
નાયબ કાર્યપાલક ઇજનેર
રાષ્ટ્રીય ધોરી માર્ગ પેટા વિભાગ
એ-બ્લોક,બીજો માળ,
પાટનગર યોજના ભવન, સેકટર-૧૬,
તા. જી. ગાંધીનગર - ૩૮૨૦૧૬

(૨) <u>જાહેર માહિતી અધિકારી</u>
નાયબ કાર્યપાલક ઇજનેર
રાષ્ટ્રીય ધોરી માર્ગ પેટા વિભાગ
પંચાયત રેસ્ટ હાઉસની બાજુમાં,
ઇડર, તા. ઇડર
જી. સાબરકાંઠા - ૩૮૩૪૩૦

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

(૩) <u>જાહેર માહિતી અધિકારી</u>
નાયબ કાર્યપાલક ઇજનેર
નાયબ કાર્યપાલક ઇજનેરની કચેરી
રાષ્ટ્રીય ધોરી માર્ગ પેટા
વિભાગ નં.૧ બ્લોક નં. ૭/સી,
બહુમાળી ભવન, વસ્ત્રાપુર,
તા.જી. અમદાવાદ - ૩૮૦૦૫૨

(૪) <u>જાહેર માહિતી અધિકારી</u>
મદદનીશ અધિક્ષક(વિ.)કાર્યપાલક ઈજનેર
કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી
રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ,બ્લોક-સી,
સાતમો માળ,બહુમાળી ભવન,
વસ્ત્રાપુર,અમદાવાદ
તા.જી. અમદાવાદ - ૩૮૦૦૫૨

(૫) <u>જાહેર માહિતી અધિકારી</u>
મદદનીશ ભુસ્તરશાસ્ત્રી
ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતુ,
જીલ્લા સેવા સદન, ત્રીજો માળ,
તીથલ રોડ,વલસાડ
તા.જી. વલસાડ - ૩૯૬૦૦૧

(૬) <u>જાહેર માહિતી અધિકારી</u>
આસી.એસ્ટેટ અને નગર વિકાસ અધિકારી
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
એસ્ટેટ અને નગર વિકાસ ખાતુ,
મધ્ય ઝોન, સરદાર પટેલ ભવન,
બી-બ્લોક, બીજો માળ, સેન્ટ્રલ કંટોલ
રૂમની બાજુમાં,દાણાપીઠ
તા.જી. અમદાવાદ - ૩૮૦૦૦૧

ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

(૭) <u>જાહેર માહિતી અધિકારી</u>
આસી.ટી.ડી.ઓ(બી.પી.એસ.પી)
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
મહાનગર સેવા સદન,નગર વિકાસ
ખાતુ,બિલ્ડીંગ પ્લાન સ્ક્રુટીની પુલ,
૩૦૧, ત્રીજો માળ, મલ્ટીલેવલ પાર્કિંગ
કોમ્પલેક્ષ,નવરંગપુરા બસ સ્ટેન્ડની
બાજુમાં નવરંગપુરા,અમદાવાદ
તા. જી. અમદાવાદ - ૩૮૦૦૦૯

(૮) <u>જાહેર માહિતી અધિકારી</u>
કાર્યપાલક ઇજનેર
કાર્યપાલક ઇજનેરની કચેરી,
શહેર (માર્ગ અને મકાન)
રાજકુમાર કોલેજ સામે,.
ડૉ. યાજ્ઞિક રોડ;
તા.જી. રાજકોટ - ૩૬૦૦૦૧

(૯) <u>જાહેર માહિતી અધિકારી</u>
નાયબ કાર્યપાલક ઇજનેર
રાજકોટ મહાનગરપાલીકા
ડ્રેનેજ પ્રોજેક્ટ બ્રાન્ચ, રૂમ નં-૩,
શ્રી હરીસિંહ ગોહેલ ઝોનલ
ઓફિસ વેસ્ટ ઝોન કચેરી,
૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ
તા.જી. રાજકોટ - ૩૬૦૦૦૫

(૧૦) <u>જાહેર માહિતી અધિકારી</u>
આસી.ટી.ડી.ઓ(આર.ટી.આઇ જનરલ)
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
મહાનગર સેવા સદન- ઉત્તર ઝોન,એસ્ટેટ અને
નગરવિકાસ ખાતુ, રાજીવ ગાંધી ભવન,
બીજો માળ, મેમ્કો, નરોડા રોડ,
ઉત્તર ઝોન, તા.જી. અમદાવાદ - ૩૮૨૩૪૫

ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

(૧૧) જાહેર માહિતી અધિકારી
કાર્યપાલક ઇજનેર
કાર્યપાલક ઇજનેરની કચેરી
ખેડા માર્ગ અને મકાન વિભાગ,
આયોજન ભવન કંમ્પાઉન્ડ, નડિયાદ
તા. નડીયાદ
જી. ખેડા - ૩૮૭૦૦૧

(૧૨) જાહેર માહિતી અધિકારી
કાર્યપાલક ઇજનેર
કાર્યપાલક ઇજનેરની કચેરી,
માર્ગ અને મકન વિભાગ,
વિશ્રામગૃહ કેમ્પસ, માલપુર રોડ,
તા. મોડાસા
જી. અરવલ્લી - ૩૮૩૩૧૫

(૧૩) જાહેર માહિતી અધિકારી
કચેરી અધિક્ષક
અધિક્ષક ઇજનેરની કચેરી
માર્ગ અને મકાન વર્તુળ,
અમદાવાદ, ઘ/એ, બહુમાળી ભવન,
હિમાલયા મોલની સામે, વસ્ત્રાપુર,
તા.જી. અમદાવાદ - ૩૮૦૦૧૫

(૧૪) જાહેર માહિતી અધિકારી
આસી.એસ્ટેટ ઓફીસર
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
મહાનગર સેવા સદન, ઉત્તર-પશ્ચિમ ઝોન,
રાજમાતા વિજયારાજે સિંધ્યા ભવન,
અતિથી હોટલની બાજુમાં, બોડકદેવ,
તા. જી. અમદાવાદ - ૩૮૦૦૫૪

(૧૫) <u>જાહેર માહિતી અધિકારી</u>
વોર્ડ ઇન્સપેકટર (બોડકદેવ-૨)
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
એસ્ટેટ વિભાગ,નવા પશ્ચિમ ઝોન,
રાજમાતા વિજયારાજે સિંધિયા ભવન,
અતિથિ હોટલ પાસે,જજીસ બંગલો
રોડ,બોડકદેવ, અમદાવાદ
તા. જી.અમદાવાદ - ૩૮૦૦૫૪

(૧૬) <u>જાહેર માહિતી અધિકારી</u>
કાર્યપાલક ઇજનેર
પંચાયત (માર્ગ અને મકાન) વિભાગ
જીલ્લા પંચાયત
તા. જી. દાહોદ - ૩૮૯૧૫૧

(૧૭) <u>જાહેર માહિતી અધિકારી</u>
જીલ્લા રમત ગમત અધિકારી
સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત
જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર,
પિતૃ સદન બંગલો, રણછોડજી
નગર, હીરો શો રૂમનાં પાછળ,
ધરમપુર રોડ, વલસાડ
તા.જી. વલસાડ - ૩૯૬૦૦૧

(૧૮) <u>જાહેર માહિતી અધિકારી</u>
કાર્યપાલક ઇજનેર
કાર્યપાલક ઇજનેરની કચેરી
જિલ્લા (માર્ગ અને મકાન) વિભાગ,
"સુપ્રભાત બંગલો" હોટલ વેલકમની
પાછળ, અલકાપુરી
તા.જી. વડોદરા - ૩૯૦૦૦૫

ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

(૧૯) <u>જાહેર માહિતી અધિકારી</u>
કાર્યપાલક ઇજનેર
કાર્યપાલક ઇજનેરની કચેરી,
નવસારી(મા.મ.)વિભાગ બહુમાળી
મકાનની બાજુમાં, જુનાથાણા,
તા.જી. નવસારી - ૩૯૬૪૪૫

(૨૦) <u>જાહેર માહિતી અધિકારી</u>
નાયબ કાર્યપાલક ઇજનેર
નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરી
વલસાડ (મા.મ)પેટા વિભાગ,
દમણગંગા ભવનની બાજુમાં
તા.જી. વલસાડ - ૩૯૬૦૦૧

(૨૧) <u>અપીલ સત્તાધિકારી</u>
કાર્યપાલક ઇજનેર
કાર્યપાલક ઇજનેરની કચેરી,
રાષ્ટ્રીય ધોરી માર્ગ વિભાગ,
બ્લોક-સી, સાતમો માળ,
બહુમાળી ભવન, વસ્ત્રાપુર
તા.જી. અમદાવાદ - ૩૮૦૦૫૨

(૨૨) <u>અપીલ સત્તાધિકારી</u>
નિવાસી અધિક કલેકટર
કલેકટરની કચેરી
અધિક ચીટનીશ શાખા,
જીલ્લા સેવા સદન-૨,
પહેલો માળ
તા. જી. વલસાડ - ૩૯૬૦૦૧

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

(૨૩) <u>અપીલ સત્તાધિકારી</u>
ડે.એસ્ટેટ ઓફિસર
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
એસ્ટેટ અને નગર વિકાસ ખાતુ,
મધ્ય ઝોન, બી-બ્લોક,બીજો માળ,
નવુ બિલ્ડીંગ, સેન્ટ્રલ કંટ્રોલ રૂમની
બાજુમાં, સરદાર પટેલ ભવન, દાણાપીઠ,
તા.જી. અમદાવાદ - ૩૮૦૦૦૧

(૨૪) <u>અપીલ સત્તાધિકારી</u>
નાયબ નગર વિકાસ અધિકારી (બી.પી.એસ.પી)
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
મહાનગર સેવા સદન,નગર વિકાસ
ખાતુ,બિલ્ડીંગ પ્લાન સ્કુટીની પુલ,
ત્રીજો માળ, મલ્ટીલેવલ પાર્કિંગ
કોમ્પલેક્ષ,નવરંગપુરા બસ સ્ટેન્ડની
બાજુમાં નવરંગપુરા,અમદાવાદ
તા. જી. અમદાવાદ - ૩૮૨૩૪૫

(૨૫) <u>અપીલ સત્તાધિકારી</u>
અધિક્ષક ઇજનેર
અધિક્ષક ઇજનેરની કચેરી,
માર્ગ અને મકાન વિભાગ વર્તુળ-૧,
ડો. રાજેન્દ્ર પ્રસાદ રોડ,
કાશી વિશ્વનાથ પ્લોટ,
તા. જી. રાજકોટ - ૩૬૦૦૦૧

(૨૬) <u>અપીલ સત્તાધિકારી</u>
નાયબ કમિશનર
રાજકોટ મહાનગરપાલીકા
આર.ટી. આઈ વિભાગ,
"ડો.આંબેડકર ભવન," ઢેબરભાઈ રોડ,
તા. જી. રાજકોટ - ૩૬૦૦૦૧

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

(૨૭) <u>અપીલ સત્તાધિકારી</u>
ડે.ટી.ડી.ઓ.અધિકારી
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
મહાનગર સેવા સદન-ઉત્તર
ઝોન, એસ્ટેટ અને નગરવિકાસ ખાતુ,
રાજીવ ગાંધી ભવન, બીજો માળ
મેમ્કો , નરોડા રોડ, , અમદાવાદ
તા.જી. અમદાવાદ - ૩૮૨૩૪૫

(૨૮) <u>અપીલ સત્તાધિકારી</u>
અધિક્ષક ઇજનેર
અધિક્ષક ઇજનેરની કચેરી
શહેર માર્ગ અને મકાન શહેર
વર્તુળ,૫ /એ બહુમાળી ભવન,
હિમાલયા મોલની સામે,વસ્ત્રાપુર,
તા.જી. અમદાવાદ - ૩૮૦૦૫૨

(૨૯) <u>અપીલ સત્તાધિકારી</u>
ડેપ્યુટી એસ્ટેટ ઓફિસર(ઉત્તર પશ્ચિમ ઝોન)
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
એસ્ટેટ અને નગર વિકાસ ખાતુ,
રાજમાતા વિજયા રાજે સિંધિયા
ભવન, અતિથિ હોટલ પાસે, બોડકદેવ,
તા. જી. અમદાવાદ - ૩૮૦૦૫૪

(૩૦) <u>અપીલ સત્તાધિકારી</u>
જીલ્લા વિકાસ અધિકારી
જીલ્લા પંચાયતની કચેરી
વહીવટી શાખા, ઝાલોદ રોડ, છાપરી,
તા.જી. દાહોદ - ૩૮૯૧૫૧

ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

(૩૧) <u>અપીલ સત્તાધિકારી</u>
સચિવ
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત
એસ.એ.જી. વહીવટી બિલ્ડીંગ,
સેક્ટર-૧૩/બી,ખ-૩ સર્કલ નજીક,
રેલ્વે સ્ટેશન ક્રોસીંગ પાસે
તા.જી. ગાંધીનગર - ૩૮૨૦૧૦

(૩૨) <u>અપીલ સત્તાધિકારી</u>
અધિક્ષક ઇજનેર
અધિક્ષક ઇજનેરની કચેરી
વડોદરા(મા. અને મ.) વર્તુળ,
ન્યુ કોઠી બિલ્ડીંગ, વેસ્ટ વિંગ,
તા.જી. વડોદરા - ૩૯૦૦૦૧

(૩૩) <u>અપીલ સત્તાધિકારી</u>
અધિક્ષક ઇજનેર
સુરત (મા.મ) વર્તુળ વિભાગ
દયાળજી બાગ સામે
નાનપુરા, સુરત
તા.જી. સુરત - ૩૯૫૦૦૧

(૩૪) <u>અપીલ સત્તાધિકારી</u>
કાર્યપાલક ઇજનેર
કાર્યપાલક ઇજનેરની કચેરી
વલસાડ(મા.મ.) વિભાગ,
જિલ્લા સેવા સદન-૨, પહેલો માળ,
તા.જી. વલસાડ - ૩૯૬૦૦૧

<u>તા. ૨૧/૪/૨૦૨૫</u>
ડો. સુભાષ સોની,
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત રાજ્ય સમક્ષ

ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

આજરોજ તા.૧૫/૦૪/૨૦૨૫ના રોજ વિવાદી શ્રી મહેન્દ્રસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટની ૯ (નવ) અને શ્રી જશવંતસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટની ૫ (પાંચ) મળી કુલ- ૧૪ (ચૌદ) બીજી અપીલની સંયુકત અને પ્રાથમિક સુનાવણી યોજવામાં આવેલ છે, જેની વિગતો નીચે મુજબ છે:

આયોગ સમક્ષ રજૂ થયેલ વિવાદી શ્રી મહેન્દ્રસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટની નીચે મુજબ કુલ-૯ (નવ) અપીલના કાગળોની વિગત:-

| [illegible] | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| [illegible] | [illegible] | અ-1652 2024 | અ-2703 2024 | અ-3039-2024 | અ-3119-2024 | અ-3173-2024 | અ-3613 2024 | અ-3614-2024 | અ-3995 2024 | અ-3996-2024 |
| 1 | [illegible] | 09-08 2023 | 10 07 2023 | 03-02 2024 | 01-04-2024 | 05 08 2023 | 12 01 2024 | 23 05 2024 | 03 05 2024 | 18 05 2024 |
| 2 | [illegible] | 21 08 2023 | 12 07 2023 | | 04-04-2024<br>09 04 2024 | -- | | | 17 05 2024 | |
| 3 | [illegible] | 28 08 2023<br>12 09 2023<br>3 10 2023 | 08 08 2023 | 20-02 2024 | 14 05 2024 | 10 10 2023 | 15 02 2024<br>26 06 2024 | 28 06 2024 | 24 08 2024<br>29 08 2024 | 31 05 2024 |
| 4 | [illegible] | 05 09 2023 | 20 08 2023 | 07 03 2024 | 15 05 2024 | 19-09-2023 | 02 04 2024 | 20 06 2024 | 18 07 2024 | 19 06 2024 |
| 5 | [illegible] | 13 09 2023 | | | | | | | | .. |
| 6 | [illegible] | 05 10 2023 | 12 09 2023 | 21 05 2024 | | 29 09 2023 | 12 06 2024 | 22 07 2024 | 23 08 2024 | 12 08 2024 |
| 7 | [illegible] | 20 08 2024 | 28 08 2024 | | 15 10 2024 | | | | 15 03 2025<br>02 04 2025 | |
| 8 | [illegible] | | 08 08 2024 | | 15 10 2024 | | | | 01 04 2025 | |

<u>આયોગ સમક્ષ રજૂ થયેલ જશવંતસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટની નીચે મુજબ કુલ-૫ (પાંચ) અપીલના કાગળોની વિગત:-</u>

| શ્રી જશવંત અમૃતલાલ બ્રહ્મભટ્ટ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | વિગત | અ-3728-2024 | અ-3729-2024 | અ-3730-2024 | અ-3731-2024 | અ-3732-2024 | |
| 1 | નમુના ૬ ની અરજી | 20-03-2024 | 04-03-2024 | 13-02-2024 | 01-03-2024 | 04-03-2024 | |
| 2 | જાહીલી પત્ર | | 06-03-2024 | ..... | ... | .... | |
| 3 | જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર | 27-03-2024 | 22-03-2024 | 11-03-2024 | 13-03-2024 | 15-03-2024 | |
| 4 | પ્રથમ અપીલ | 22-04--2024 | 22-04--2024 | 28-03-2024 | 22-04--2024 | 22-04--2024 | |
| 5 | પ્રથમ અપીલ અધિકારીનો હુકમ | | | 13-05-2024 | | 30-05-2024 | |
| 6 | વિવાદીની રજૂઆત | . | | | 20-01-2025 | | |
| 7 | જાહેર માહિતી અધિકારીનો અહેવાલ | . | | 11-11-2024 | ... | . | |
| 8 | પ્રથમ અપીલ અધિકારીનો અહેવાલ | .... | | ...... | | ... | |

વિવાદી શ્રી મહેન્દ્રસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટ સુનાવણીમાં ઉપસ્થિત રહેલ નથી કે તેઓની પ્રસ્તુત અપીલ પરત્વે કોઇ લેખિત રજૂઆત મળેલ નથી.

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

વિવાદી શ્રી જશવંતસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટ સુનાવણીમાં ઉપસ્થિત રહેલ

નથી. પરંતુ અપીલ નંબર અ-૩૭૩૧-૨૦૨૪ અન્વયે વિવાદીએ જણાવેલ છે કે, જાહેર માહિતી અધિકારી દ્વારા કચેરીમાં રૂબરૂ બોલાવી, માંગેલ માહિતી સંદર્ભે યોગ્ય સમજ આપી, ખપ પુરતી માહિતી પૂરી પાડેલ હોવાથી, અપીલ સંદર્ભે કોઇ તકરાર રહેતી નથી. આ સિવાયની અન્ય અપીલ પરત્વે કોઇ રજૂઆત મળેલ નથી.

અગાઉ વિવાદીના કુટુંબની વ્યક્તિ શ્રી હર્ષ બ્રહ્મભટ્ટની અપીલ અ-૬૧૬૭-૨૦૨૩ અને અન્ય ૭(સાત) અપીલની તા.૩૧/૦૧/૨૦૨૫ની સુનાવણીમાં ઉપસ્થિત રહેલ વિવાદીના કાકા અને પ્રસ્તુત અપીલના વિવાદી શ્રી મહેન્દ્રસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટએ આયોગની પૃચ્છા અન્વયે જણાવેલ છે કે, તેઓ, વિવાદી શ્રી જશવંતસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટ અને શ્રી હર્ષ બ્રહ્મભટ્ટના પિતાશ્રી દિનેશકુમાર બ્રહ્મભટ્ટ સગાભાઇઓ છે. ઉકત ત્રણેય એક જ કુટુંબની વ્યક્તિઓ છે.

આયોગ પાસે ઉપલબ્ધ વિગતો અનુસાર, વિવાદી શ્રી મહેન્દ્રસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટ, તેમજ વિવાદી શ્રી જસવંતસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટ અને શ્રી હર્ષ દિનેશકુમાર બ્રહ્મભટ્ટના રહેઠાણનું સરનામું પણ સમાન છે.

આ ઉપરાંત, વેબસાઇટ પરથી મળેલ માહિતી અનુસાર, અગાઉ સુરતથી પ્રસિધ્ધ થયેલ "ક્રાંતિધર્મ" અખબારના તા.૦૨/૧૦/૨૦૧૭ના અંકમાં દર્શાવ્યા અનુસાર, વિવાદી શ્રી મહેન્દ્રસિંહ બ્રહ્મભટ્ટ અખબારના તંત્રી છે, શ્રી હર્ષ બ્રહ્મભટ્ટના પિતાશ્રી શ્રી દિનેશકુમાર બ્રહ્મભટ્ટ આ અખબારના સંવર્ધક તંત્રી છે અને વિવાદી શ્રી જસવંતસિંહ બ્રહ્મભટ્ટ અખબારના કાર્યવાહક તંત્રી છે.

એક જ કુટુંબની ઉકત ત્રણેય વ્યક્તિઓ તરફથી વર્ષ-૨૦૦૯ થી અત્યાર સુંધીમાં આયોગ સમક્ષ રજૂ કરવામાં આવેલ બીજી અપીલ/ફરિયાદની આંકડાકીય માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | આયોગ સમક્ષ રજૂ થયેલ અપીલ/ફરિયાદની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | શ્રી મહેન્દ્રસિંહ બ્રહ્મભટ્ટ | શ્રી જશવંતસિંહ બ્રહ્મભટ્ટ | શ્રી હર્ષ બ્રહ્મભટ્ટ |
| ૧ | ૨૦૦૯ | ૧૨ | ૪ | - |

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ૨૦૧૦ | ૪૩ | ૨ | - |
| ૩ | ૨૦૧૧ | ૪૩ | - | - |
| ૪ | ૨૦૧૨ | ૫૬ | ૬ | - |
| ૫ | ૨૦૧૩ | ૮૬ | ૬ | - |
| ૬ | ૨૦૧૪ | ૧૧૯ | ૫ | - |
| ૭ | ૨૦૧૫ | ૧૫૪ | ૩ | - |
| ૮ | ૨૦૧૬ | ૧૧૫ | ૯ | - |
| ૯ | ૨૦૧૭ | ૮૧ | ૧૦૨ | - |
| ૧૦ | ૨૦૧૮ | ૫૮ | ૧૮૪ | - |
| ૧૧ | ૨૦૧૯ | ૭૨ | ૧૬૪ | - |
| ૧૨ | ૨૦૨૦ | ૬૦ | ૧૫૧ | ૨૬ |
| ૧૩ | ૨૦૨૧ | ૧૭૫ | ૧૮૨ | ૧૨ |
| ૧૪ | ૨૦૨૨ | ૧૫૩ | ૧૩૩ | ૪૨ |
| ૧૫ | ૨૦૨૩ | ૧૦૬ | ૪૯ | ૮૬ |
| ૧૬ | ૨૦૨૪ | ૧૧૫ | ૩૭ | ૭૨ |
| ૧૭ | ૨૦૨૫ | ૧૨ | - | ૬ |
| | કુલ સંખ્યા | ૧૪૬૦ | ૧૦૩૭ | ૨૪૪ |
| | | ૧૪૬૦+ ૧૦૩૭+૨૪૪ = ૨૭૪૧ | | |

આમ, એક જ કુટુંબની ઉકત ત્રણેય વ્યક્તિઓ દ્વારા અધિનિયમ હેઠળ આયોગ સમક્ષ અત્યાર સુંધીમાં રજૂ કરવામાં આવેલ અપીલ/ફરિયાદની કુલ સંખ્યા- ૨૭૪૧ છે. તે જોતાં જણાય છે કે, એક જ કુટુંબની ઉકત ત્રણેય વ્યક્તિઓ દ્વારા ખૂબ મોટી સંખ્યામાં અધિનિયમ હેઠળ અરજીઓ કરીને વિવિધ જાહેર સત્તામંડળ પાસેથી માહિતીની માંગણી કરવામાં આવેલ છે.

ઉકત એક જ કુટુંબની ત્રણેય વ્યક્તિઓ તરફથી આયોગ સમક્ષ રજૂ કરવામાં આવેલ જુદી-જુદી અપીલ/ફરિયાદની વિગતો જોતાં, અનેક બીજી અપીલ/ફરિયાદ અન્વયે અતિવિસ્તૃત સમયગાળાની અને વિશાળ પ્રમાણમાં માહિતીની માંગણી કરવામાં આવેલ છે. આવી માંગણી અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં

આવેલ નમૂના-"ક"ના ક્રમ-(૩)ની જોગવાઇઓ અનુસાર, જોઇતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવ્યા સિવાય કરવામાં આવતી હોવાથી, આયોગ દ્વારા યોગ્ય નિર્ણય કરીને સંબંધિત વિવાદીઓને અધિનિયમની જોગવાઇઓ અનુસાર, અરજી કરવા માટે વારંવાર જણાવવામાં આવેલ છે. આવા કેટલાક અપીલ નંબરો નીચે મુજબ છે.

| ક્રમ | શ્રી મહેન્દ્રસિંહ બ્રહ્મભટ્ટ | શ્રી હર્ષ બ્રહ્મભટ્ટ | શ્રી જશવંતસિંહ બ્રહ્મભટ્ટ |
|---|---|---|---|
| ૧ | અ-૦૫૦૯-૨૦૨૨ | અ-૫૧૨૦-૨૦૨૨ | અ-૦૨૯૯-૨૦૨૨ |
| ૨ | અ-૬૦૪૦-૨૦૨૨ | અ-૫૮૪૦-૨૦૨૨ | અ-૦૪૪૬-૨૦૨૨ |
| ૩ | અ-૦૩૧૪-૨૦૨૩ | અ-૪૪૨૨-૨૦૨૩ | અ-૧૨૬૦-૨૦૨૩ |
| ૪ | અ-૦૩૧૫-૨૦૨૩ | અ-૪૪૨૮-૨૦૨૩ | અ-૧૨૬૨-૨૦૨૩ |
| ૫ | અ-૦૩૧૬-૨૦૨૩ | અ-૧૮૨૬-૨૦૨૪ | અ-૧૨૬૩-૨૦૨૩ |
| ૬ | અ-૧૯૦૫-૨૦૨૩ | -- | અ-૧૨૬૪-૨૦૨૩ |
| ૭ | અ-૪૨૯૬-૨૦૨૩ | -- | અ-૧૨૬૫-૨૦૨૩ |
| ૮ | -- | -- | અ-૧૨૬૭-૨૦૨૩ |

અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે અગાઉ આ જ કુટુંબની વ્યક્તિ શ્રી હર્ષ દિનેશકુમાર બ્રહ્મભટ્ટ ની અપીલ નં.અ-૪૪૨૨-૨૦૨૩ અને તા.૪૪૨૮-૨૦૨૩ની તા.૨૬/૦૪/૨૦૨૩ના રોજ યોજાયેલ સુનાવણીમાં વિવાદી વતી ઉપસ્થિત રહેલ પ્રસ્તુત અપીલના વિવાદીના કાકા શ્રી જશવંતસિંહ બ્રહ્મભટ્ટની અપીલ નં. અ-૦૪૪૬-૨૦૨૨ને સંલગ્ન નમૂના-"ક"ની તા.૦૧/૧૦/૨૦૨૧ની અરજી અન્વયે લગભગ સમાન પ્રકારની માહિતીની માંગણી જાહેર માહિતી અધિકારી અને તલાટી-કમ-મંત્રી, મોતાલી ગ્રામ પંચાયત, તા.અંકલેશ્વર પાસેથી કરવામાં આવેલ હતી. આ અપીલ પરત્વે આયોગ દ્વારા કરવામાં આવેલ હુકમ અન્વયે પણ વિવાદી શ્રી હર્ષ દિનેશકુમાર બ્રહ્મભટ્ટ અને શ્રી જશવંતસિંહ બ્રહ્મભટ્ટને અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-"ક"ના ક્રમ-(૩)ની જોગવાઇઓ અનુસાર જોઇતી માહિતીની ચોક્કસ વિગતો નિર્દિષ્ટ કરીને, મર્યાદિત માહિતીની માંગણી કરવા માટે જણાવી, અપીલ "નામંજૂર" કરવામાં આવેલ હતી.

આમ છતાં, ઉકત કુટુંબની વ્યક્તિ શ્રી હર્ષ દિનેશકુમાર બ્રહ્મભટ્ટ દ્વારા અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-ક ના ક્રમ-૩ની જોગવાઇઓ અનુસાર જોઇતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવ્યા સિવાય માહિતીની માંગણી કરવાનું ચાલુ રાખવામાં આવતા આયોગ દ્વારા અધિનિયમના આમુખમાં જણાવ્યા અનુસાર, સંઘર્ષમાં આવતા હિતો વચ્ચે સંવાદિતા સાધવાના અધિનિયમના ઉદ્દેશોને સિધ્ધ કરવાના હેતુસર અપીલ નં. અ-૬૧૬૭-૨૦૨૩ અને અન્યમાં તા.૦૬/૦૨/૨૦૨૫ના રોજ કરવામાં આવેલ હુકમથી વિવાદી શ્રી હર્ષ દિનેશકુમાર બ્રહ્મભટ્ટ વિરૂધ્ધ માહિતી અધિકાર અધિનિયમ હેઠળ પ્રત્યેક કેલેન્ડર વર્ષમાં વધુમાં વધુ કુલ ૨૫(પચ્ચીસ) અરજીઓ કરી શકશે તેવા હુકમો કરવામાં આવેલ છે.

અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે, અગાઉ આ જ કુટુંબની વ્યક્તિ શ્રી હર્ષ દિનેશકુમાર બ્રહ્મભટ્ટની અપીલ નં.અ-૧૮૨૬-૨૦૨૪ ની તા. ૦૫/૦૩/૨૦૨૫ ના રોજ યોજાયેલ સુનાવણીમાં આયોગ દ્વારા વિવાદી શ્રી હર્ષ દિનેશકુમાર બ્રહ્મભટ્ટને સ્પષ્ટપણે પુનઃ જણાવવામાં આવેલ છે કે, ".... તેઓની આ પ્રકારની વિવિધ અપીલ અન્વયે આયોગનો અને સંબંધિત જાહેર સત્તામંડળના સમયનો બિનજરૂરી વ્યય થઇ રહ્યો હોવાથી, આવા પ્રકારની અપીલ અરજીઓ પરત લેવામાં આવે અન્યથા આયોગને આવા પ્રકારની અરજીઓની સુનાવણી કરવાની ફરજ પડશે તો, આયોગને તેઓ વિરૂધ્ધ પ્રતિબંધક હુકમો કરવાની ફરજ પડશે...."

પ્રસ્તુત અપીલના વિવાદી શ્રી મહેદ્ન્રસિંહ બ્રહ્મભટ્ટની અપીલ નં. અ-૪૨૯૬-૨૦૨૩ પરત્વે આયોગ દ્વારા તા.૧૧/૦૯/૨૦૨૪ ના રોજ કરવામાં આવેલ હુકમથી વિવાદી શ્રી મહેન્દ્રસિંહ બ્રહ્મભટ્ટને સ્પષ્ટપણેe જણાવવામાં આવેલ છે કે, ".... હવે પછી માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજી કરતી વખતે ઉકત જોગવાઇઓ ધ્યાને લઇને માહિતીની માંગણી કરવામાં આવે. જો તેઓ દ્વારા આ પ્રકારની અરજી(ઓ) અને/અથવા તે સંબંધમાં પ્રથમ/બીજી અપીલ રજૂ કરવામાં આવેલ હોય તો, તે અરજી(ઓ) પાછી ખેંચવા માટે અનુરોધ કરવામાં આવે છે.

ગુજરાત માહિતી આ... ગાંધીનગર

આવી અરજીઓ થવાનાં કારણે જાહેર સત્તામંડળના તંત્ર પર બોજો ઉત્પન્ન

થવાની સાથો સાથ Genuine અપીલ કર્તાઓની અપીલ સાંભળવામાં પણ વિલંબ થતો હોવાથી, તેઓને ન્યાય મેળવવામાં વિલંબ થવાના સંજોગો ઉત્પન્ન થાય છે.

જો વિવાદી દ્વારા અધિનિયમની જોગવાઇઓનું યોગ્ય પાલન નહીં કરવામાં આવે અને તેના કારણે જાહેર સત્તામંડળ ઉપર અને પરિણામે આવી અપીલની સુનાવણીના કારણે રાજયના નાગરિકો પર વિવિધ પ્રકારનો બોજો ઉત્પન્ન થતો હશે તો આયોગને નાછૂટકે તેઓ વિરૂધ્ધ પ્રતિબંધક હુકમ કરવાની ફરજ પડશે તેની નોંધ લેવા વિવાદીને જણાવવામાં આવે છે.... "

પ્રસ્તુત કેસના વિવાદી શ્રી મહેન્દ્રસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટ અને શ્રી જશવંતસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટ દ્વારા અનેક વર્ષોમાં અનેક અરજીઓ કરી, અનેક જાહેર સત્તામંડળ સમક્ષ આ પ્રકારે માહિતીની માંગણી કરીને પ્રથમ અને બીજી અપીલ રજૂ કરવામાં આવેલ છે. વિવાદીઓની અનેક બીજી અપીલ અન્વયે આયોગ દ્વારા હુકમો કરીને વિવાદીઓને અધિનિયમની જોગવાઇઓ અનુસાર જોઇતી માહિતીની ચોક્કસ વિગતો નિર્દિષ્ટ કરીને જ માહિતી માંગવા જણાવવામાં આવેલ છે. આમ છતાં, પ્રસ્તુત કેસના વિવાદીઓ દ્વારા આ પ્રકારે માહિતી માંગવાનું ચાલુ રાખવામાં આવેલ છે.

આમ છતાં, પ્રસ્તુત અપીલના વિવાદીઓ દ્વારા અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-ક ના ક્રમ-૩ની જોગવાઇઓ અનુસાર જોઇતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવ્યા સિવાય માહિતીની માંગણી કરવાનું ચાલુ રાખવામાં આવેલ છે. આ પ્રકારે માહિતીની માંગણી કરવામાં આવતી હોવાથી, સંબંધિત જાહેર માહિતી અધિકારી અને/અથવા પ્રથમ અપીલ સત્તાધિકારી દ્વારા વિવાદીઓને એક કે તેથી વધુ વખત રેકર્ડ નિરીક્ષણ કરી, માહિતી મેળવી લેવા માટે જણાવવામાં આવેલ છે. પરંતુ, વિવાદીઓ દ્વારા જોઇતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવ્યા સિવાય માહિતી માંગવામાં આવેલ હોવાથી તથા માંગવામાં આવેલ માહિતીનું રેકર્ડ વિશાળ પ્રમાણમાં હોવાથી, અનેક વખત વિવાદીઓને સંતોષકારક માહિતી મળેલ ન હોવાના પ્રશ્નો આયોગ સમક્ષ ઉપસ્થિત થયા છે અને તેથી તેઓ દ્વારા બીજી અપીલ/ફરિયાદ રજૂ કરવામાં આવેલ છે.

આયોગને અનુભવે જણાયું છે કે,પ્રસ્તુત અપીલના વિવાદીઓને કઇ ચોક્કસ માહિતી જોઇએ છે તે અંગે તેઓને જાણકારી નથી અને તેથી તેઓ દ્વારા ઉકત તમામ અપીલને સંલગ્ન નમૂના-કની અરજીથી માત્ર ચોક્કસ સમયગાળો દર્શાવીને, વિવિધ વિષય/બાબત અંગે માહિતીની માંગણી કરવામાં આવેલ છે.

માહિતી અધિકાર અધિનિયમમાં માહિતી માંગવા માટે નીચે મુજબ જોગવાઇ કરવામાં આવી છે.

- કલમ-૬(૧) : "આ અધિનિયમ હેઠળ કોઇ માહિતી મેળવવા માંગતી વ્યક્તિએ, અંગ્રેજી અથવા હિન્દી અથવા જે વિસ્તારમાં અરજી કરવામાં આવતી હોય તેની રાજભાષામાં લેખિતમાં અથવા ઇલેકટ્રોનિક માધ્યમ મારફતે અને ઠરાવવામાં આવે તેટલી ફી સાથે તેણે અથવા તેણીએ માંગેલી માહિતીની વિગતો નિર્દિષ્ટ કરીને........"
- માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-"ક"ના ક્રમ-(૩)ની જોગવાઇઓ નીચે મુજબ છે.

| ક્રમ નં. | જરૂરી માહિતીની ચોકકસ બાબતો/વિગતો(ટૂંકમાં) | જરૂરી માહિતીનો ચોકકસ સમયગાળો |
|---|---|---|

- માહિતી અધિકાર અધિનિયમની કલમ – ૭ (૯) માં માહિતી માંગવા સંબંધમાં નીચે મુજબ જોગવાઇ કરવામાં આવી છે.

કલમ-૭(૯) : "સામાન્ય રીતે માહિતી જે સ્વરૂપમાં માંગવામાં આવી હોય તે સ્વરૂપમાં જ પૂરી પાડવી જોઇશે, સિવાય કે તેનાથી જાહેર સત્તામંડળના સ્ત્રોતો અપ્રમાણસર રીતે બદલાય અથવા વિવાદગ્રસ્ત રેકર્ડની સલામતી અને જાળવણીને હાનિ થાય તેમ હોય."

આમ, વિવાદીએ માહિતી અધિકાર અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-"ક"ના ક્રમ-(૩)ની જોગવાઇઓ અનુસાર, જોઇતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવીને માહિતીની માંગણી કરવાની રહે છે. આવી માહિતી માંગતી વખતે જાહેર સત્તામંડળના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થવો જોઇએ નહીં.

વિવાદીઓ દ્વારા જે રીતે માહિતી માંગવામાં આવે છે તે રીત અધિનિયમની જોગવાઇઓ સાથે સુસંગત નથી. આ રીતે માહિતી માંગવાથી, ઉકત જોગવાઇઓ અનુસાર, તેઓને કોઇ માહિતી મળવાપાત્ર નથી. પ્રસ્તુત કેસના વિવાદીઓ દ્વારા વિશાળ સંખ્યામાં અરજીઓ કરીને માંગવામાં આવતી માહિતીના કારણે કોઇ એક વ્યક્તિ દ્વારા કરવામાં આવતી અરજીઓના કારણે જાહેર સત્તામંડળના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થઇ રહ્યો છે અને તેથી જ કેટલાંક જાહેર માહિતી અધિકારી/પ્રથમ અપીલ સત્તાધિકારીઓ દ્વારા આ કારણોસર માહિતી આપવાનો ઇન્કાર કરવામાં આવેલ છે અને/અથવા વિવાદીઓને રેકર્ડ નિરીક્ષણ માટે જણાવવામાં આવેલ છે. આ ઉપરાંત, જાહેર સત્તામંડળના જાહેર માહિતી અધિકારીઓ, પ્રથમ અપીલ સત્તાધિકારીઓ અને આયોગનો સમય બિનજરૂરી અને અપ્રમાણસર રીતે વપરાય છે તથા genuine અરજદારોને ન્યાય મેળવવામાં વિલંબ થાય છે.

આમ છતાં, અત્યાર સુધી આયોગ દ્વારા અધિનિયમની ભાવના, હેતુ અને જોગવાઇઓની ઉદારતાપૂર્વક અમલ કરવાના હેતુથી સુનાવણી દરમિયાન વિવાદી, જાહેર માહિતી અધિકારી અને પ્રથમ અપીલ સત્તાધિકારી સાથે પરામર્શ કરી, વિવાદી દ્વારા સુનાવણી દરમિયાન જોઇતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવે તો માહિતી આપવાની તૈયારી દર્શાવવામાં આવેલ છે અને વિવાદીઓને અનેક વખત અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-ક ના ક્રમ-૩ની જોગવાઇઓ અનુસાર જોઇતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવીને, માહિતી માંગવા માટે જણાવવામાં આવેલ હોવા છતાં, વિવાદી દ્વારા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ ઉપર મુજબ અને અપ્રમાણસર અરજીઓ કરવાનું ચાલુ રાખવામાં આવેલ છે.

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ના આમુખમાં દર્શાવેલ છે કે..........

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

...અને ખરેખર વ્યવહારમાં માહિતીને જાહેર કરવાથી સરકારના કાર્યક્ષમ સંચાલન, મર્યાદીત નાણાંકીય સાધનોનો મહત્તમ ઉપયોગ અને સંવેદનશીલ માહિતીની ગોપનીયતાની જાળવણી સહિતના બીજા જાહેર હિતો સાથે <u>સંઘર્ષ</u> થાય તેમ છે; અને લોકશાહી આદર્શની સર્વોપરીતા જાળવતી વખતે આવતા

હિતો વચ્ચે સંવાદિતા સાધવી પણ જરૂરી છે તેથી હવે જે નાગરિકો માહિતી મેળવવા માંગતા હોય તેમને અમુક માહિતી પૂરી પાડવા માટેની જોગવાઇ કરવી ઇષ્ટ છે...."

અધિનિયમના આમુખમાં દર્શાવેલ "સંઘર્ષ"ની શકયતાઓ, 'સંવાદિતા સાધવાનો' વ્યકત થયેલ આદર્શ અને "અમુક" માહિતી પૂરી પાડવાના આદેશો ધ્યાને લઇને માહિતી આયોગે સર્વગ્રાહી વિચારણા કરીને, અધિનિયમની જોગવાઇઓમાં રજૂ થયેલ આદર્શો અને હેતુઓના પરિપ્રેક્ષ્યમાં અંત:કરણ અને નિષ્ઠાપૂર્વક નિર્ણય લેવાનો રહે છે.

રાષ્ટ્રની સંસદ દ્વારા લોકશાહીના ઉચ્ચ આદર્શોને સિધ્ધ કરવાના હેતુથી ઘડવામાં આવેલ અધિનિયમનો અયોગ્ય/અતિ/અપ્રમાણસર ઉપયોગ પરત્વે આયોગ લાંબા સમય સુધી મૌન રહી શકે નહીં.

ઉકત વિગતોના પરિપ્રેક્ષ્યમાં આજરોજ સુનાવણી માટે રજૂ થયેલ વિવાદી શ્રી મહેન્દ્રસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટની ૯(નવ) અપીલ અરજી અને શ્રી જશવંતસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટની ૫(પાંચ) અપીલ અરજી મળી કુલ ૧૪(ચૌદ) બીજી અપીલોને સંબંધિત હકીકતો અને નિર્ણય:-

સંલગ્ન નમૂના-'ક'ની અરજીઓની વિગતો જોતાં, વિવાદીઓ દ્વારા અધિનિયમની કલમ-૬(૧) અને માહિતી માંગવા માટે રાજય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના-ક ના ક્રમ-૩ની જોગવાઇઓ અનુસાર, જોઇતી માહિતીની ચોક્કસ વિગતો દર્શાવીને માહિતીની માંગણી કરવામાં આવેલ ન હોવાથી તથા માંગવામાં આવેલ માહિતી અતિવિસ્તૃત સમયગાળાની અને વિશાળ પ્રમાણમાં હોવાથી, જાહેર માહિતી અધિકારી અને/અથવા પ્રથમ અપીલ સત્તાધિકારી દ્વારા વિવાદીઓને નિયત નકલ ફી ભરીને / રેકર્ડ નિરીક્ષણ કરીને માહિતી મેળવી લેવા માટે જણાવવામાં આવેલ છે. મોટાભાગના કિસ્સાઓમાં વિવાદીઓ રેકર્ડ નિરીક્ષણ માટે ઉપસ્થિત રહેલ નથી અને તેથી તેઓને માહિતી પ્રાપ્ત થયેલ નથી.

આમ, રજૂ થયેલ ઉક્ત કુલ ૧૪(ચૌદ) અપીલ અરજીઓ પૈકી અપીલ નં. અ-૩૭૩૧-૨૦૨૪ સિવાયની તમામ અપીલ અરજીઓ અન્વયે અધિનિયમની

ઉક્ત જોગવાઇઓ અનુસાર, માહિતીની માંગણી કરવામાં આવેલ ન હોવાથી અને તેથી પ્રત્યેક અપીલ અરજીઓને સંલગ્ન નમૂના-"ક"ની અરજી, અધિનિયમની જોગવાઇઓ અનુસાર "યોગ્ય" અરજી બનતી ન હોવાથી, ઉક્ત તમામ ૧૩(તેર) અપીલ અરજીઓ "નામંજૂર" કરવામાં આવે છે. જયારે, અપીલ નંબર અ-૩૭૩૧-૨૦૨૪ અનુસંધાને વિવાદી દ્વારા અપીલ સંદર્ભે કોઇ તકરાર રહેતી ન હોવાનું જણાવેલ હોવાથી, તે અપીલ દફતરે કરવામાં આવે છે.

વિવાદીઓ દ્વારા વિશાળ સંખ્યામાં અરજીઓ કરીને માંગવામાં આવતી માહિતીના કારણે કોઇ એક વ્યક્તિ દ્વારા કરવામાં આવતી અરજીઓના કારણે જાહેર સત્તામંડળના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થઇ રહ્યો હોવાથી, આયોગને નીચેની બાબતો ધ્યાને લઇને, વિવાદીઓ દ્વારા અયોગ્ય/અતિ/અપ્રમાણસર રીતે વિવિધ જાહેર સત્તામંડળોના સ્ત્રોતોનો ઉપયોગ ન થાય તે માટેના ઉપાયો માટે વિચારણા કરવી જરૂરી જણાઇ છે.

(૧) વિવાદીઓ દ્વારા આ પ્રકારે માહિતીની માંગણી કરીને, વિશાળ સંખ્યામાં જાહેર માહિતી અધિકારીઓ વિરૂધ્ધ દંડનીય/શિક્ષાત્મક કાર્યવાહીની માંગણીની રજૂઆત અપીલનો હેતુ "શુધ્ધ" ન હોવાનો ઇશારો કરે છે. વિવાદીઓના આવા હેતુઓ સિધ્ધ કરવા માટે માહિતી અધિકાર અધિનિયમ કે માહિતી આયોગ કદાપિ "સાધન" બની શકે નહી.

(૨) સુપ્રિમ કોર્ટ દ્વારા સી.એ.નં.૬૪૫૪/૨૦૧૧માં તા.૦૯-૦૮-૨૦૧૧ના રોજ આપવામાં આવેલ ચુકાદાના ફકરા ક્રમાંક-૩૫ અને ૩૭ સહિત ચુકાદામાં કરવામાં આવેલ વિવિધ અવલોકનો ધ્યાને લેવામાં આવેલ છે. ફકરા ક્રમાંક-૩૫ અને ૩૭ની વિગતો નીચે મુજબ છે.

<u>Para-35</u> At this juncture, it is necessary to clear some misconceptions about the RTI Act. The RTI Act provides access to all information that is available and existing. This is clear from a combined reading of section 3 and the definitions of 'information' and 'right to information' under clauses (f) and (j) of section 2 of the Act. If a public authority has any information in the form of data or analyzed data, or abstracts, or statistics, an applicant may

access such information, subject to the exemptions in section 8 of the Act. But where the information sought is not a part of the record of a public authority, and where such information is not required to be maintained under any law or the rules or regulations of the public authority, <u>the Act does not cast an obligation upon the public authority to collect or collate such non-available information and then furnish it to an applicant.</u> A public authority is also not required to furnish information which require drawing of inferences and/or making of assumptions. It is also not required to provide 'advice' or 'opinion' to an applicant, nor required to obtain and furnish any 'opinion' or 'advice' to an applicant. The reference to 'opinion' or 'advice' in the definition of 'information' in section 2(f) of the Act, only refers to such material available in the records of the public authority. Many public authorities have, as a public relation exercise, provide advice, guidance and opinion to the citizens. But that is purely voluntary and should not be confused with any obligation under the RTI Act."

"<u>Para-37</u> Indiscriminate and impractical demands or directions under RTI Act for disclosure of all and sundry information (unrelated to transparency and accountability in the functioning of public authorities and eradication of corruption) would be counter-productive as it will adversely affect the efficiency of the administration and result in the executive getting bogged down with the non-productive work of collecting and furnishing information. <u>The Act should not be allowed to be misused or abused, to become a tool to obstruct the national development and integration, or to destroy the peace, tranquillity and harmony among its citizens. Nor should it be converted into a tool of oppression or intimidation of honest officials striving to do their duty. The nation does not want a scenario where 75% of the staff</u>

of public authorities spends 75% of their time in collecting and furnishing information to applicants instead of discharging their regular duties. The threat of penalties under the RTI Act and the pressure of the authorities under the RTI Act should not lead to employees of a public authorities prioritizing `information furnishing', at the cost of their normal and regular duties."

(૩) સુપ્રિમકોર્ટ દ્વારા સીવીલ અપીલ નંબર ૭૫૭૧/૨૦૧૧માં તા.૦૨/૦૯/૨૦૧૧ (The Institute of Chartered Accountants of India Vs. Shaunak H. Satya &Ors) ના રોજ આપવામાં આવેલ ચૂકાદાના પેરા નં.૨૬ માં નીચે મુજબ અવલોકન કરવામાં આવેલ છે.

" We however agree that it is necessary to make a distinction in regard to information intended to bring transparency, to improve accountability and to reduce corruption, falling under section 4(1)(b) and (c) and other information which may not have a bearing on accountability or reducing corruption. The competent authorities under the RTI Act will have to maintain a proper balance so that while achieving transparency, the demand for information does not reach unmanageable proportions affecting other public interests, which include efficient operation of public authorities and government, preservation of confidentiality of sensitive information and optimum use of limited fiscal resources."

ઉપરોકત પેરા નંબર-૨૬ માં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે માહિતી અધિકાર અધિનિયમના દુરૂપયોગના કારણે આ અધિનિયમમાં પ્રજા વિશ્વાસ ગુમાવે તેવું ન થાય તે માટે અધિનિયમનો દુરૂપયોગ અટકાવવા કાયદા મુજબ પગલાં ભરવાં જોઇએ.

(૪)હાઇકોર્ટ, નવી દિલ્હી દ્વારા W.P(C) No.845/2014માં તા.૦૫/૦૨/૨૦૧૪ના રોજ આપવામાં આવેલા ચૂકાદાના ફકરા નં.૧૦માં નીચે મુજબ અવલોકન કરવામાં આવેલ છે.

"10. Consequently, this Court deems it appropriate to refuse to exercise its writ jurisdiction. Accordingly, present petition is dismissed. This Court is also of the view that misuse of the RTI Act has to be appropriately dealt with, otherwise the public would lose faith and confidence in this "sunshine Act". A beneficent Statute, when made a tool for mischief and abuse must be checked in accordance with law. A copy of this order is directed to be sent by the Registry to Defence and Law Ministry, so that they may examine the aspect of misuse of this Act, which confers very important and valuable rights upon a citizen."

(૫) વિવાદી દ્વારા માહિતી અધિકાર અધિનિયમની જોગવાઇઓ અન્વયે તેઓને પ્રાપ્ત થયેલ "માહિતીનો અધિકાર"નો અપ્રમાણસર ઉપયોગ થતો હોવાનું આયોગને જણાતું હોવાથી, વિવાદી દ્વારા યોગ્ય અને પ્રમાણસર માહિતીના અધિકારનો ઉપયોગ કરવામાં આવે તે માટે આયોગ દ્વારા વિવાદીને તેઓની અનેક અપીલો અન્વયે અનેક વખત સુનાવણી દરમિયાન જણાવવામાં આવેલ છે.

આમ છતાં, વિવાદી દ્વારા "માહિતીનો અધિકાર"નો અપ્રમાણસર ઉપયોગ કરવાનુ ચાલુ રાખવામાં આવેલ છે. આમ છતાં, વિવાદીનો અંતરઆત્મા જાગૃત થશે અને તેઓ વાજબી અધિકારને સમજીને, યોગ્ય રીતે અરજી કરશે અને કરવામાં આવતી અરજીઓની સંખ્યામાં ઘટાડો કરશે તેવી આશા સાથે આયોગ દ્વારા સંયમપૂર્વક અને ઉદારતાપૂર્વક વિવાદીની સંખ્યાબંધ અપીલોની સુનાવણી કરી, હુકમો કરવામાં આવેલ છે.

(૬) આટલી વિશાળ સંખ્યામાં વિવાદી દ્વારા અરજીઓ કરીને મેળવવામાં આવેલ માહિતીનો વિવાદી દ્વારા ક્યો (શું) ઉપયોગ કરવામાં આવે છે તે બાબત અનુત્તર રહે છે.

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

(૭) અધિનિયમના આમુખમાં દર્શાવેલ લોકશાહીના ઉચ્ચ આદર્શોને મૂર્તિમંત કરવાના ઉમદા આશયથી ઘડવામાં આવેલા આવા પવિત્ર અધિનિયમનો

અપ્રમાણસર/અનિયંત્રિતઉપયોગ સાથે માહિતી આયોગ સહિત લોકશાહીને વરેલી કોઇ સંસ્થા સંમત થઇ શકે નહીં.

(૮) જાહેર સત્તામંડળના સંસાધનોનો ઉપયોગ લોકોપયોગી સેવાઓ પૂરી પાડવા માટે કરવાનો રહે છે. ગણ્યા ગાંઠ્યા નાગરિકો દ્વારા માહિતી અધિકાર અધિનિયમના ઉપયોગના અપ્રમાણસર/અનિયંત્રિત ઉપયોગ થકી જે તે જાહેર સત્તામંડળની વ્યવસ્થાઓ ખોરવાય નહીં તે જોવાની પવિત્ર જવાબદારી માહિતી આયોગ સહિત લોકશાહીને વરેલી તમામ સંસ્થાઓની છે.

(૯) આયોગ દ્વારા અન્ય એક નાગરિકની અધિનિયમ અન્વયેની વર્તણૂંકના આધારે તેઓની રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનને સંબંધિત કોઇ અરજી ધ્યાને ન લેવા હુકમો કરવામાં આવેલ. આયોગના હુકમ વિરુદ્ધ વિવાદી દ્વારા હાઇકોર્ટમાં કરવામાં આવેલ આર/એસ.સી.એ.નં. ૧૮૪૧૬-૨૦૨૩, તા.૦૭-૦૧-૨૦૨૫ના હુકમથી "<u>ડીસમીસ્ડ</u>" કરવામાં આવેલ છે.

<u>(૧૦) આયોગના અપીલ નં.અ-૫૧૮૪-૨૦૨૩માં તા.૦૫/૦૪/૨૦૨૫ના હુકમના ફકરા નં.૫.૩૬, ૫.૩૬.૧, ૫.૩૬.૨ અને ૫.૩૬.૩ માં નીચે મુજબ નોંધવામાં આવેલ છે:</u>

"(૫.૩૬) આથી વિવાદીશ્રી જશવંતસિંહ બ્રહ્મભટ્ટ વિરુધ્ધ બે ફોજદારી કેસો અનુક્રમે સચીન GIDC પોલીસ સ્ટેશન A-FIR નંબર-૧૧૨૧૦૦૦૨૨૫૦૭૫૭/૨૦૨૫ બી.એન.એસ. કલમ.૩૦૮(૨), ૩૦૮(૫) મુજબ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫ (૧) મુજબ અને (૨) સચીન GIDC પોલીસ સ્ટેશન A - FIR નંબર-૧૧૨૧૦૦૦૨૨૫૦૭૫૮/૨૦૨૫ બી.એન.એસ.કલમ.૩૦૮(૨), ૩૦૮(૫), ૩૫૨ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫(૧) મુજબ દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ઉપર જણાવ્યા પ્રમાણે વિવાદીશ્રી જશવંતસિંહ બ્રહ્મભટ્ટ અને શ્રી મહેન્દ્રસિંહ બ્રહ્મભટ્ટ, વિરુધ્ધ પાંડેસરા ઇન્ડસ્ટ્રીયલ કો.ઓ.સોસાયટી લી.ના અધિકૃત અધિકારી દ્વારા તેઓના સભ્યોને માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ નીચે માહિતી મેળવીને હેરાનગતી કરવાના ગંભીર આક્ષેપો કરતી નોટરાઇઝડ એફીડેવીટ પુરાવાઓ સાથે રજૂ કરેલ છે. વધુમાં તેઓના કુટુંબીજન ભત્રીજા શ્રી હર્ષ ડી. બ્રહ્મભટ્ટ પણ આવી પ્રવૃત્તિઓમાં સામેલ છે તેવી પાંડેસરા ઇન્ડસ્ટ્રીયલ કો.ઓ.સોસાયટી લી.ના પ્રમુખશ્રી દ્વારા સુનાવણીમાં કરાયેલ મૌખિક રજૂઆત

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

ધ્યાને લેતાં ઉપરોક્ત ત્રણેય ઇસમો વિરુધ્ધ રાજ્ય સરકાર મારફત સી.આઇ.ડી. (ક્રાઇમ)ને તપાસ સોંપવા આયોગે ભલામણ કરી છે ત્યારે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ કરવામાં આવતી અરજી/પ્રથમ અપીલો અંગે આયોગ નીચે મુજબ હુકમ કરે છે.

*(૫.૩૬.૧)* શ્રી જશવંતસિંહ બ્રહ્મભટ્ટ, શ્રી મહેન્દ્રસિંહ બ્રહ્મભટ્ટ અને તેઓના ભત્રીજા શ્રી હર્ષ ડી. બહ્મભટ્ટ સહીતનાઓ દ્વારા સરકારના વિવિધ સત્તામંડળોમાં હાલ વિચારણા હેઠળની અને હવે પછી કરવામાં આવનાર માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળની નમૂના-"ક"ની અરજીઓ/પ્રથમ અપીલો, ઉપર જણાવેલ પડતર તપાસો અને હવે પછી ઉભી થનાર તપાસોમાં જ્યાં સુધી આખરી નિર્ણય ન આવે અને વિવાદીઓ સંપૂર્ણ દોષમુક્ત ન થાય ત્યાં સુધી રાજ્ય સરકારના વિવિધ સત્તામંડળોએ નમૂના"ક"ની અરજીઓ/પ્રથમ અપીલો વિચારણામાં લેવાની રહેશે નહી કે કોઇ પ્રત્યુત્તર આપવાનો રહેશે નહી.

(૫.૩૬.૨) આ ઉપરાંત આયોગ તે પણ ઠરાવે છે કે, શ્રી જશવંતસિંહ બ્રહ્મભટ્ટ, શ્રી મહેન્દ્રસિંહ બ્રહ્મભટ્ટ અને તેઓના ભત્રીજા શ્રી હર્ષ ડી. બહ્મભટ્ટ, અન્ય નાગરીકો દ્વારા કરેલ અને/ અથવા કરવામાં આવનાર માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળની નમૂના "ક"ની અરજી સંબંધી પ્રથમ અપીલની સુનાવણીઓ અને બીજી અપીલ કે ફરિયાદની સુનાવણીઓમાં પ્રતિનિધિ તરીકે, જ્યાં સુધી ઉપર જણાવેલ તપાસો અને હવે પછી ઉભી થનાર તપાસોમાં જ્યાં સુધી આખરી નિર્ણય ન આવે ત્યાં સુધી, હાજર રહી લેખિત કે મૌખિક રજૂઆતો કરી શકશે નહી."

(૫.૩૬.૩) કુદરતી ન્યાયના સિધ્ધાંતોને અનુસરીને આયોગ તે પણ ઠરાવે છે કે, શ્રી જશવંતસિંહ બ્રહ્મભટ્ટ, શ્રી મહેન્દ્રસિંહ બ્રહ્મભટ્ટ અને તેઓના ભત્રીજા શ્રી હર્ષ ડી. બહ્મભટ્ટ ઉપર જણાવેલ તપાસો અને હવે પછી ઉભી થનાર તપાસોમાં સંપૂર્ણ દોષમુક્ત ઠરે તો, માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ માહિતી માંગવાનો તેઓનો હક્ક અબાધિત રહેશે.

(૧૧) આયોગના ઉકત હુકમોની વિગતો ધ્યાને લેતાં, ઉકત ત્રણેય વ્યક્તિઓ (૧) શ્રી જશવંતસિંહ બ્રહ્મભટ્ટ, (૨) શ્રી મહેન્દ્રસિંહ બ્રહ્મભટ્ટ અને (૩) શ્રી હર્ષ બ્રહ્મભટ્ટ દ્વારા માહિતી અધિકાર અધિનિયમનો અપ્રમાણસર ઉપયોગ થતો હોવાથી,

આયોગના ઉકત હુકમમાં જણાવ્યા અનુસાર, તેઓ સંપૂર્ણ દોષમુકત ઠરે તો પણ, તેઓ દ્વારા માહિતી અધિકાર અધિનિયમના થતા અપ્રમાણસર ઉપયોગ પર નિયંત્રણ મુકવું અનિવાર્ય જણાય છે.

(૧૨) ઉકત અપીલના વિવાદીઓ શ્રી મહેન્દ્રસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટ અને શ્રી જશવંતસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટ દ્વારા માહિતી અધિકાર અધિનિયમના આમુખમાં જણાવ્યા અનુસાર, સંઘર્ષમાં આવતા હિતો વચ્ચે સંવાદિત સાધવાના અધિનિયમોના ઉદ્દેશોને સિધ્ધ કરવાના હેતુસર ઉકત તમામ વિગતો અને હકીકતોને ધ્યાને લઇને ઉકત અપીલના વિવાદીઓ શ્રી મહેન્દ્રસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટ અને શ્રી જશવંતસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટ દ્વારા કરવામાં આવતી અયોગ્ય અને અપ્રમાણસર અરજીઓને નિયંત્રિત કરવાનું આયોગને અનિવાર્ય જણાય છે. આ ઉપરાંત, આયોગના ઉકત ક્રમ (૧૦) માં દર્શાવેલ નવી હકીકતોના સંદર્ભમાં આ વિવાદીઓના કુટુંબની અન્ય વ્યક્તિ શ્રી હર્ષ બ્રહભટ્ટના કિસ્સામાં આયોગના દ્વારા અપીલ નં. અ-૬૧૬૭-૨૦૨૩ અને અન્યમાં તા.૦૬/૦૨/૨૦૨૫ના રોજ કરવામાં આવેલ હુકમથી ઠરાવવામાં આવેલ અરજીઓની સંખ્યામાં પુનઃવિચારણા કરવા અનિવાર્ય જણાય છે.

આવા સંજોગોમાં એક જ કુટુંબની ઉકત ત્રણેય વ્યક્તિઓ સર્વ શ્રી મહેન્દ્રસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટ, જસવંતસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટના અને હર્ષ દિનેશકુમાર બ્રહ્મભટ્ટ દ્વારા રજૂ કરવામાં આવતી અપીલ/ફરિયાદનું પ્રમાણ નિયત કરવું આયોગને અત્યંત જરૂરી જણાયું છે અને તેથી અધિનિયમના આમુખમાં દર્શાવેલ આદર્શો અને આયોગને સોંપવામાં આવેલ "સંવાદિતા સાધવાની" ફરજોને ધ્યાને લઇને, ઉકત ત્રણેય વિવાદીઓના કિસ્સામાં પ્રતિ વર્ષ માહિતી અધિકાર અધિનિયમ હેઠળની <u>કુલ-૬(છ)</u> અરજીઓને પ્રમાણસર ગણવામાં આવે છે.

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

ઉક્ત વિગતો ધ્યાને લઇને આયોગ દ્વારા વિવાદીઓ સર્વ શ્રી મહેન્દ્રસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટ, જસવંતસિંહ અમૃતલાલ બ્રહ્મભટ્ટના અને હર્ષ દિનેશકુમાર બ્રહ્મભટ્ટને નીચે મુજબ આદેશો આપવામાં આવે છે:

(૧) પ્રસ્તુત હુકમની તારીખથી પ્રત્યેક કેલેન્ડર વર્ષમાં માહિતી અધિકાર અધિનિયમ હેઠળ વધુમાં વધુ કુલ-૬(છ) અરજીઓ કરી શકશે.

(૨) આવી પ્રત્યેક અરજીમાં વધુમાં વધુ બે પ્રકરણને લગતી અને વધુમાં વધુ ૫(પાંચ) મુદ્દાઓમાં માહિતી માંગી શકશે.

(૩) પ્રસ્તુત હુકમની તારીખ બાદ જાહેર સત્તામંડળને કરવામાં આવતી પ્રત્યેક અરજીમાં વિવાદીઓએ નીચે મુજબની બાંહેધરી આપવાની રહેશે.

<u>"આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, આયોગ દ્વારા અપીલ નં. અ-૧૬૫૨-૨૦૨૪ અને અન્યમાં તા.૨૧/૦૪/૨૦૨૫ના રોજ કરવામાં આવેલ હુકમ અનુસાર કુલ-૬(છ) પૈકી પ્રસ્તુત અરજીનો ક્રમાંક--------- છે."</u> આ પ્રકારે બાંહેધરી દર્શાવી, વિવાદીએ તેની નીચે સહી અને તારીખ દર્શાવવાની રહેશે.

રાજ્યના તમામ જાહેર સત્તામંડળના જાહેર માહિતી અધિકારીઓ અને પ્રથમ અપીલ સત્તાધિકારીઓને જણાવવામાં આવે છે કે, આયોગના ઉક્ત હુકમ પ્રમાણે વિવાદી દ્વારા બાંહેધરી આપવામાં આવેલ ન હોય કે એક કેલેન્ડર વર્ષમાં ૬(છ) થી વધુ સંખ્યામાં અરજીઓ રજૂ કરવામાં આવેલ હોય તો, બાંહેધરી આપવામાં આવેલ ન હોવાના કારણસર અને/અથવા કુલ-૬(છ) થી વધુ સંખ્યામાં અરજીઓ રજૂ કરેલ હોવાના કારણોસર વિવાદીની અરજી દફતરે કરવામાં આવે અને તેની વિવાદીને જાણ કરવામાં આવે.

આયોગના સચિવને જણાવવામાં આવે છે કે, આયોગના પ્રસ્તુત હુકમની નકલ રાજ્ય સરકારના તમામ વિભાગો અને વિભાગો હસ્તકનાં જાહેર સત્તામંડળને મોકલી આપી, તેનો એક કેલેન્ડર વર્ષમાં અમલ કરવા માટે જણાવવામાં આવે.

ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

<u>આયોગના રજીસ્ટ્રારને જણાવવામાં આવે છે કે</u>, આયોગના પ્રસ્તુત હુકમ બાદ, રજૂ થતી બીજી અપીલ/ફરિયાદને સંલગ્ન નમૂના-"ક"ની અરજીમાં વિવાદી દ્વારા ઉપર મુજબની બાંહેધરી આપવામાં આવેલ ન હોય અથવા તેઓ દ્વારા

એક કેલેન્ડર વર્ષમાં કુલ-૬(છ) થી વધુ અરજી કરવામાં આવી હોય તો, કુલ-૬(છ) થી વધુ અરજીઓ સંબંધમાં તેઓની બીજી અપીલ/ફરિયાદ સુનાવણી માટે રજૂ કરવાની રહેશે નહીં. આવી અપીલ/ફરિયાદ દફતરે કરી, તેની વિવાદીને જાણ કરવામાં આવે.

આયોગની પ્રસ્તુત હુકમની નકલ વિવાદી શ્રી હર્ષ બ્રહ્મભટ્ટને મોકલવામાં આવે.

ઉકત હુકમ અન્વયે ઉકત તમામ અપીલનો નિકાલ કરવામાં આવે છે.

સહી/-
(ડૉ. સુભાષ સોની)
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત માહિતી આયોગ,
ગાંધીનગર

મુકાબલ કરનાર

Shrimali
કાયદા અધિકારી
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

પ્રમાણિત કરનાર

નાયબ સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર